# સલામ...અરવલ્લી : ભાજપ યુવા મોરચાની ટીમે ૫૦૦ કોરોના વોરિયર્સનું સન્માન કર્યું

## રાજ્ય સરકાર અને પ્રદેશ સંગઠને યુવા ટીમની કામગીરીની પ્રસંશા કરી





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

દેશનું ભવિષ્ય ગણાતા યુવાઓની કામગીરી હવે નિખરી રહી છે. અરવલ્લી જિલ્લા ભાજપ યુવા સંગઠનની ટીમે ૬ તાલુકામાં કેમ્પ યોજી ૫૨૬ કોરોના વોરિયર્સના સન્માન કરી સમાજમાં એક આગવી છાપ ઉભી કરી છે. રાજ્ય સરકાર અને પ્રદેશ સંગઠને જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ અમિષ પટેલ અને તેમની સમગ્ર યુવા ટીમની કામગીરીની પ્રસંશા કરી છે.

જેને સાચા અર્થમાં લોકસેવા અને છેવાડાના લોકોનું કામ કરવું છે તેમના માટે કશુંય અશક્ય નથી. અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચાની ટીમનું નવું સંગઠન અસ્તિત્વમાં આવ્યા પછી યુવા મોરચાની એક પછી એક અનેક નેત્ર દિપક કામગીરીની નોંધ લેવાઈ રહી છે. થેલેસેમીયાથી પીડીત દર્દીઓ માટે રક્તદાન કેમ્પ, પ્રદેશ પ્રમુખના જન્મ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ સહિત અનેક કાર્યક્રમોના આયોજનો કરી અનેક લોકોને તેમાં જોડવામાં આવી રહ્યા છે. ભાજપની યુવા ટીમે જિલ્લામાં ૧૬ મહિનાના કોરોનાના કપરા કાળમાં પોતાના જીવની પરવા કર્યા વગર દર્દીઓની દિવસ-રાત સેવા કરનારા કોરોના યોદ્ધાઓને તેમના વિસ્તારમાં જઈને સન્માનવાનો કાર્યક્રમ યોજ્યો. ભિલોડા, મેઘરજ, મોડાસા, ધનસુરા, બાયડ અને માલપુર એમ ૩ વિધાનસભામાં આવતા ૮ મંડલમાં ૬ જેટલા કેમ્પનું આયોજન કરી ૫૨૬ કોરોના વોરિયર્સના સન્માન કરી તેમની હિંમત અને ધૈર્યને બિરદાવવામાં આવ્યું હતું.

# ગર્ભ સંસ્કાર આંદોલનને વિશેષ ગતિ આપવા મોડાસામાં કાર્યકર્તા પ્રશિક્ષણ શિબિર

## ‘આઓ ઘડીએ સંસ્કારવાન પેઢી’ અંતર્ગત વધુ કાર્યકર્તા તૈયાર કરવા પ્રશિક્ષણ શિબિરનું આયોજન

બાયડ તા.૨

ભારતિય સંસ્કૃતિમાં માતાના ગર્ભમાં જ બાળકને વિશેષ સંસ્કાર આપવાનું ખૂબ જ મહત્વ માનવામાં આવે છે. વિશેષ પ્રયાસ દ્વારા બાળકોને માતાના ગર્ભમાં જ શ્રેષ્ઠ સંસ્કારોનું સિંચન થઈ શકે છે. કારણ કે જન્મ લેનાર બાળકનો એંશી ટકા માનસિકતાનો વિકાસ માતાના ગર્ભમાં જ થતો હોય છે. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા સમગ્ર વિશ્વમાં ચાલી રહેલા ‘આઓ ઘડીએ સંસ્કારવાન પેઢી’ આંદોલન ચલાવવામાં આવ્યું છે. જેમાં સગર્ભા બહેનોને જન્મ લેનારા બાળકનું શ્રેષ્ઠ નિર્માણ થાય તે માટે વિશેષ માર્ગદર્શન આપવા પ્રયાસ કરવામાં આવે છે.






ગાયત્રી પરિવારના અગ્રણી હરેશભાઈ કંસારા એ જણાવ્યું કે ગાયત્રી ચેતના કેન્દ્ર,મોડાસા દ્વારા આ વિષયમાં વિશેષ ટીમ બનાવવામાં આવી છે. જે બહેનો ગાયત્રી પરિવારના મુખ્યાલય શાંતિકુંજ ,હરિદ્વાર ખાતે મોડાસાની આ ચાર બહેનોને વિશેષ તાલીમ માટે મોકલવામાં આવી હતી. જેમાં આ વિષયમાં જીલ્લા સંયોજકશ્રી અમિતાબેન પ્રજાપતિના નેતૃત્વમાં આ કાર્યક્રમ ખૂબ સફળ બનાવવા માટે પ્રયાસ કર્યો છે. ગાયત્રી ચેતના કેન્દ્ર, મોડાસા ખાતે છેલ્લા ત્રણ વર્ષથી આ વિષયમાં ખૂબ કાર્ય થઈ રહ્યું છે. દર ગુરુવારે નિઃ શુલ્ક ગર્ભોત્સવ સંસ્કાર કરાવવામાં આવે છે. જેમાં નવદંપતિને ગર્ભ ધારણ પહેલાં પણ વિશેષ માર્ગદર્શન આપવામાં આવે છે. ગર્ભ ધારણ થાય ત્યારે પુંસવન સંસ્કારથી બાળકનો જન્મ થાય ત્યાં સુધી તેની માતાના અને તેના પરિવાર સાથે રુબરુ કે સોસીયલ મિડિયા દ્વારા સતત સંપર્કમાં રહી ઉત્તમ સ્વાસ્થ્ય અને સંસ્કાર માટે માર્ગદર્શન આપવામાં આવે છે. આ ઉપરાંત પણ બાળકના જન્મ પછી નામકરણ, અન્નપ્રાશન, મુંડન તેમજ વિધ્યારંભ સંસ્કાર પણ કરાવવામાં આવે છે. કોરોનાની વિકટ પરિસ્થિતિમાં પણ આ બહેનોએ રુબરુ સંપર્ક સંભવ ન હોવાથી ઑનલાઈન સંસ્કાર કરાવીને આ અભિયાન ને ચાલુ રાખ્યું હતું.

આ આંદોલનને મોડાસા ક્ષેત્રમાં ગામેગામ વધુ વેગવાન બનાવવા માટે વધુ કાર્યકર્તા બહેનો તૈયાર કરવા માટે તા.૩૧ જુલાઈ, શનિવારે કાર્યકર્તા પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૪ નવી બહેનો આ પ્રશિક્ષણ શિબિરમાં જોડાઈ હતી. જેમાં અલગ અલગ વિષયોમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં અમિતાબેન પ્રજાપતિ દ્વારા ગર્ભ સંસ્કારનું મહત્વ, રોહીણીબેન શર્મા દ્વારા ગર્ભ વિજ્ઞાન, પ્રીતિબેન ભટ્ટ દ્વારા ગર્ભવતી માતાની આદર્શ દિનચર્યા અને વૈશાલીબેન ત્રિવેદી દ્વારા ગર્ભમાં રહેલા બાળક સાથે સંવાદ પ્રકિયા એમ અલગ અલગ વિષયોમાં દરેકે પ્રોજેક્ટરના માધ્યમથી ઝીણવટભરી માહિતી આપી હતી. જે દ્વારા આ પ્રશિક્ષણ લેનાર બહેનોએ વિશેષ જાણકારી મેળવી આ ‘આઓ ઘડીએ સંસ્કારવાન પેઢી’ આંદોલન ગામેગામ વ્યાપક બનાવવા સંકલ્પિત બન્યા.

# ભિલોડાનો માથાભારે બુટલેગર જેલમાં ધકેલાયો

ભિલોડા,તા.૨

રાજસ્થાન રાજ્યની સરહદ નજીક આવેલ અરવલ્લી જીલ્લાના ભિલોડા, મેઘરજ, શામળાજી સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂ ઠાલવી કટીંગ કરીને બુટલેગરોને અવનવા કીમીયા અપનાવી વિવિધ પ્રકારના વાહનો મારફતે ઠેર-ઠેર વિદેશી દારૂ પહોંચાડતો અને હત્યા,જીવલેણ હુમલા સહિત ગુનાહિત પ્રવૃત્તીઓ કરવામાં માહેર માથાભારે બુટલેગર રાકેશ ઉર્ફે કાળીયો બાબુભાઈ ડુંડને ભિલોડા પોલીસે



બાતમીના આધારે ગોવિંદનગર વિસ્તારમાંથી ઝડપી જેલના હવાલે કર્યો હતો. લુખ્ખાગીરી માટે પંકાયેલા બુટલેગરને જેલના સળીયા પાછળ ધકેલી દેતાં લોકોએ અને પોલીસ તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.પાસા મંજુર થઈ ગયેલા માથાભારે બુટલેગરને પોલીસે દબોચી લેતાં વિદેશી દારૂના ધંધા સાથે સંકળાયેલા અનેક બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. ગાંધીજીના ગુજરાત રાજ્યમાં નામ પુરતી દારૂબંધીનો ફાયદો ઉઠાવી ગેરકાયદેસર રીતે પરપ્રાંતિય વિદેશી દારૂનો વેપાર-ધંધો કરીને અનેક બુટલેગરો કરોડો રૂપિયાના આસામી છે.વિદેશી દારૂના ધંધામાં સંકળાયેલા અનેક યુવાનો બુટલેગર બનીને વિદેશી દારૂના ધંધામાં ઝંપલાવ્યું છે.ડોડીસરા ગામનો રાકેશ ઉર્ફે કાળીયો ડુંડ નામનો યુવાન પણ વિદેશી દારૂના ધંધામાં ઝંપલાવી પરપ્રાંતિય બુટલેગરો સાથે મળી મોટા પાયે વિદેશી દારૂનું કટીંગ શરૂ કરતા ટુંકાગાળામાં બુટલેગર બનતા લુખ્ખા તત્વોને સાથે રાખી ખોફ જમાવતા તેની અસામાજીક પ્રવૃત્તીઓ સામે લોકો લાચાર બની ગયા હતા.પી.આઈ. મનીષ વસાવાએ ડોડીસરાનો માથાભારે બુટલેગર ભિલોડાના ગોવિંદનગર વિસ્તારમાં આવ્યો હોવાની બાતમીના આધારે વિસ્તારને કોર્ડન કરીને ઝડપી લેતા બુટલેગરના મોતીયા મરી પરવાર્યા હતા.પોલીસે બુટલેગરને દબોચી જેલના સળીયા પાછળ ધકેલી ધારાધોરણ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જન્મદિને વધામણી



ડૉ.કનુભાઈ પટેલ
(પ્રમુખ : સાઠંબા કેળવણી મંડળ)
સાઠંબા, તા.બાયડ



રાહુલ સોલંકી
બાયડ, જિ.અરવલ્લી



ભૂમિ પૂરવકુમાર પટેલ
દુબઈ(વસાદરા)



રાકેશભાઈ ડી. ભાટીયા
(પ્રેમ હેર આર્ટ)
બાયડ (આંબાગામ)

# લીંબના સીમાડામાં ઝાડ પર ફાંસો લગાવી યુવકનો આપઘાત

## તલોદ તાલુકાના યુવકના આપઘાતથી રહસ્ય ઘેરાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

બાયડ તાલુકાના લીંબ ગામની સીમમાં કોઈ અગમ્ય કારણોસર તલોદ તાલુકાના સોનીસર (બડોદરા) ગામના જયદીપસિંહ દેવેન્દ્રસિંહ ઝાલાએ ઝાડ ઉપર ફાંસો લગાવી આપઘાત કરતાં ચકચાર મચી છે. યુવકે આપઘાત કર્યો છે કે પછી કોઈએ ઠંડા કલેજે હત્યા કરી લાશને ઝાડ ઉપર લટકાવી દીધી છે..?? વગેરે સવાલોનું રહસ્ય ઘેરાયું છે. બનાવ અંગે આંબલિયારા પોલીસે એડી નોંધી તપાસ શરૂ કરી છે.

ગ્રામ્ય વિસ્તારના સીમાડામાં યુવક-યુવતીઓના આપઘાત કરેલા મૃતદેહ મળવાનો સિલસિલો ચોંકાવનારી રીતે વધી રહ્યો છે. ઝાડ ઉપર ફાંસો લગાવી આપઘાતના કિસ્સાઓમાં પોલીસ દોડતી રહી છે. તલોદ તાલુકાના સોનીસર ગામના જયદીપસિંહ ઝાલાએ તા.૧ના રોજ બાયડ તાલુકાના લીંબ ગામની સીમના ડુંગરવાળા ખેતરના શેઢે ઝાડ ઉપર ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી. ઝાડ ઉપર યુવકની લાશ લટકતી જોવા મળતાં લોકટોળાં સ્થળ ઉપર એકત્ર થઈ ગયાં હતાં. મૃતકે કયા કારણોસર આત્મહત્યા કરી..?? વગેરે સવાલો પંથકમાં ચર્ચાનો વિષય બન્યા છે. બનાવ અંગે દેવેન્દ્રસિંહ રતનસિંહ ઝાલાએ આંબલિયારા પોલીસને બનાવની જાણ કરી છે.

# ઈડર બેતાલીસ લિમ્બાચીયા સમાજની જનરલ મિટિંગ યોજાઈ

નેત્રામલી: ઈડર બેતાલીસ લિમ્બાચીયા સમાજની જનરલ મિટિંગ ઈડર ખાતે યોજાઈ હતી. આ તબક્કે સમાજના પ્રમુખ જે.એસ.નાયી એ ત્રણ વર્ષનો સમયગાળો પૂર્ણ થતાં હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું અને નવા પ્રમુખ માટે નો પ્રસ્તાવ મૂક્યો હતો. સમાજના હાજર ભાઈઓ



દ્વારા વિષ્ણુભાઈ લિમ્બાચીયા (લાલોડા)ની પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. મંત્રી તરીકે પ્રહલાદભાઈ નાયી, ઉપ પ્રમુખ પી.કે.નાયી, ખજાનચી તરીકે અમૃતભાઈ પારેખ ની નિમણુંક કરી સમાજવતીથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



ઘરમાં રહો, સુરક્ષિત રહો

# ભણતરના ભારથી વિદ્યાર્થી ઘર છોડી ચાલ્યો ગયો : પરિવારની શોધખોળ બાદ પાલી શિકારપુરથી મળ્યો...

**વિદ્યાર્થી ધોરણ ૧૦ પાસ થયા બાદ ધોરણ-૧૧માં વિજ્ઞાન પ્રવાહમાં એડમિશન લેતા શિક્ષણ અઘરૂ પડ્યુ : કસરત કરવા જવાના બહાને સ્કૂલ બેગ લઇ ઘરેથી ચાલ્યો ગયો હતો**

પાલનપુર, તા.૨

પાલનપુર ડેરી રોડ પર આવેલ રવિ પાર્કમાં રહેતા ભરતભાઈનો ભત્રીજો કસરત કરવાનું કહી ગયા બાદ ઘરે પરત ન ફરતા પૂર્વ પોલીસ મથકે અપહરણની ફરિયાદ નોંધાઇ છે.જો કે વિદ્યાર્થીએ ધોરણ-૧૧માં વિજ્ઞાન પ્રવાહમાં એડમીશન લેતા ભણતરનો ભાર સહન ન કરી શકતા ઘર છોડીને ચાલ્યો ગયો હોવાનું સામે આવતા પરિવારે પોતાના ધાર્મિક સ્થાને પહોંચી ગયો હોવાનું બહાર આવ્યુ હતુ.

પાલનપુર ડેરી રોડ પર આવેલ રવિપાર્કમાં રહેતા અને મૂળ રહે.જડીયા તા.ધાનેરાના ભરતભાઇ ગણેશપુરા રોડ પર શ્રી પટેલ ડેરી નામનું પાર્લર છે.અને તેમના ભાઈની બે દિકરી અને એક દિકરો ભરતભાઇ પાસે રહી અભ્યાસ કરે છે.જેમાં ભત્રીજો સંજય ઉં.વ.૧૫ ધોરણ ૧૦ પાસ કર્યા બાદ ધોરણ-૧૧ સાયન્સમાં પાલનપુર ડેરી રોડ ઉપર આવેલ મેવાડા સ્કૂલમાં અભ્યાસ માટે એડમીશન લીધુ હતુ. સંજય રોજ સવારે ૩ વાગે જ્યોર્જ કલબમાં કરસર કરવા જતો હતો.અને પરત ૬ વાગે આવતો હતો.પરંતુ સંજય ગુરૂવારના રોજ સવારે કસરત કરવા ગયા બાદ પરત ન ફરતા પરીવારના સભ્યો ગભરાઇ ગયા હતા.અને સંજયની શોધખોળ હાથ ધરી હતી.પરંતુ સંજયનો કોઇ પત્તો ન લાગતા સંજયના પિતાને જાણ કરી હતી.ત્યારબાદ પરીવારના તમામ સભ્યોએ ભેગા મળી સગાસંબંધી તેમજ મિત્રોના ઘરે પણ તપાસ કરી પરંતુ ક્યાંય ભાળ ન મળતા આખરે ભરતભાઇએ પોતાના ભત્રીજાને કોઇ અજાણ્યા વ્યક્તિએ દુષ્પ્રેરણ કરી કે લાલચ આપી સંજયનું અપહરણ કરી લઇ ગયા હોવાની ફરિયાદ પૂર્વ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે પણ સંજયને શોધવા ચક્રોગતીમાન કર્યા છે.ત્યારબાદ સંજય પાલીના શિકારપુર ખાતેથી મળી આવ્યો હતો.જેથી પરીવારના સભ્યોએ સંજયને આ બાબતે પૂછતા પોતે ધોરણ ૧૦ બાદ ધોરણ ૧૧માં સાયન્સમાં એડમીશન લેતા ભણતર અઘરૂ પડવાના કારણે આ પગલુ ભર્યુ હોવાની હકીકત જણાવતા પરીવાર પણ ચોકી ઉઠ્યો હતો.

**કેટલાક બાળકોના કારણે વાલીઓ મુશ્કેલીમાં મુકાય છે**

કેટલીક વખત વિદ્યાર્થીઓ મિત્રોના વાદોવાદ પોતાની ક્ષમતા કરતા ઊંચી ફેકલ્ટી એડમીશન લઈ લેતા હોય છે. તેમજ કેટલીક વખત વાલીઓના પ્રેશરથી બાળકોને ઉંચી ફેકલ્ટી પસંદ કરવી પડતી હોય છે.થોડોક સમય-અભ્યાસ કર્યા બાદ સાચી બાબતનુ ભાન થતુ હોય છે.

# ગાંભોઈમાં ભિલોડા માર્ગ પર પીકઅપ બસસ્ટેન્ડનું સ્થળ બદલવા પ્રજા માંગ...

## હાલના ચાર રસ્તા બસ સ્ટેન્ડના કારણે ટ્રાફિક જામની સમસ્યા...



ગાંભોઈ, તા.૦૨

હિંમતનગર- શામળાજી રાષ્ટ્રીય ધોરી માર્ગ પર આવેલ ગાંભોઈ ગામે હાઈવે ચાર રસ્તા પર ભિલોડા જતા માર્ગ પર વર્ષોથી એસ.ટી. પીકઅપ સ્ટોપેજ બસ સ્ટેન્ડ હોવાથી હાઈવે પર અકસ્માતો અને ટ્રાફિક જામ થવાના બનાવો રોજીંદા બન્યા છે ત્યારે આ એસ.ટી.બસ સ્ટોપેજનું સ્થળ બદલવા સ્થાનિક ગ્રામજનોમાં ઊગ્ર માંગ ઊભી થઈ છે. આ અંગે ગ્રામજનોના જણાવ્યા મુજબ ગાંભોઈથી ભિલોડા તરફ જતા માર્ગ પર અવર-જવર કરતી એસ.ટી. બસોનું પીકઅપ સ્ટેન્ડ હાઈવે ચાર રસ્તા પર આવેલ હોઈ અહીં બસો થોભાવવાના કારણે હિંમતનગર અને શામળાજી તરફના બન્ને માર્ગો પર ટ્રાફિક વારંવાર જામ થઈ જાય છે. જેના કારણે ઘણીવાર અકસ્માતો પણ સર્જાય છે. બીજી તરફ હાલના ગાંભોઈ ચાર રસ્તા પર હાઈવે સિક્સ લેન માટેના ઓવરબ્રિજનું કામ ચાલુ હોઈ બસ ચાલકો ગમે તે સ્થળે બસો ઉભી રાખતાં હોવાથી મુસાફર જનતાને ભારે ટ્રાફિકવાળા હાઈવે પર દોડધામ કરવી પડે છે અને અકસ્માતોના ભોગ બનવું પડે છે. સ્થાનિક ગ્રામજનોએ તેમજ આસપાસની મુસાફર જનતાએ ગાંભોઈથી ભિલોડા જતા માર્ગ પર પોલીસ સ્ટેશનની દક્ષિણ દિશામાં સ્થાનિક સિનિયર સિટીઝન માટે રખાયેલ બગીચાના સ્થળ પાસે ભિલોડા તરફ જતી-આવતી એસ.ટી. બસોનું એસ.ટી. પીકઅપ બસ સ્ટેશન સ્ટોપેજ રાખવામાં આવે તો ગાંભોઈ હાઈવે પરની કાયમી ટ્રાફિક જામની સમસ્યા અને જોખમી અકસ્માતો નિવારી શકાય. આ અંગે ગાંભોઈના જાગૃત નાગરિકોએ સ્થાનિક તાલુકા પંચાયત સદસ્ય કુલદીપસિંહ રાઠોડને લેખિત રજુઆત કરી આ અંગે એસ.ટી. વહીવટી તંત્રનું ધ્યાન દોરી સત્વરે યોગ્ય કરવા જણાવ્યું છે.

# પાલનપુરમાં નગરપાલિકા નજીક વિજવાયર તૂટી પડતાં બે ગાયોના મોત

## ગૌરક્ષક દ્વારા જીઈબીને જાણ કરાતાં ઘટના સ્થળે આવી પહોંચી

પાલનપુર, તા. ૨

પાલનપુર નગરપાલિકા કચેરી નજીક શુક્રવાર રાત્રીએ એક વીજ વાયર તૂટી પડતા બે ગાયોના મોત નિપજ્યા હતા.જેને લઈ ગૌરક્ષકો અને પાલિકાના કોર્પોરેટરઓ દોડી આવ્યા હતા અને જીઈબીને જાણ કરાતા ઘટના સ્થળે આવી પહોંચી હતી.

પાલનપુર પાલિકા નજીક બહાર આવેલ એક વીજ થાંભલા પર થી શુક્રવારે રાત્રીએ સ્ટ્રીટ લાઈટનો વાયર તૂટીને નીચે પડી જતા નીચે બેઠેલ બે ગાયોના મોત નિપજ્યા હતા.આ બાબતની ગૌરક્ષકોને જાણ થતા તાત્કાલિક પાલિકા બહાર દોડી આવ્યા હતા અને ત્યાં બેઠેલ અન્ય ૨૦ જેટલી ગાયોને દૂર ભગાડી હતી.ત્યારબાદ જીઈબીમાં જાણ કરી તે વિસ્તારની લાઈટ બંધ કરાવી હતી.અને જીઈબીની ગાડી ઘટના સ્થળે આવી પહોંચી હતી.ત્યારબાદ ગાયોના માલિકોને સમજાવ્યા બાદ મામલો શાંત થયો હતો. ત્યારબાદ સ્ટ્રીટ લાઈટના ચેરમેન પિયુષ પટેલએ મરણ પામેલ ગાયોને ભંડારો કરી અંતિમવિધિ કરી હતી.

# હિંમતનગર સબ જેલનો સિપાઈ રૂા.૨૭,૦૦૦ ના વિદેશી દારૂ સાથે ઝડપાયો

## મોડાસા ગ્રામ્ય પોલીસે 3 આરોપી દબોચ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

હિંમતનગર સબજેલમાં સિપાઈની ફરજ બજાવતા કિસ્મતસિંહ નંદુસિંહ ચૌહાણ અને અન્ય ૨ ઈસમો ગત રાત્રે કારમાં વિદેશી દારૂની ૧૪૬ બોટલો સાથે મોડાસાના ઈસરોલ પાસેથી મળી આવતાં ફરી એક વખત ખાખી વર્દી ચર્ચામાં આવી ગઈ છે.

**આરોપી..**
**જીતેન્દ્રસિંહ ફુલસિંહ રાઠોડ, રહે.પાસીનામુવાડા, તા.તલોદ**
**જશવંતસિંહ રામસિંહ પરમાર**
**કિસ્મતસિંહ નંદુસિંહ ચૌહાણ**
**(બંન્ને રહે.નાનાચેખલા, તા.તલોદ)**

પોલીસ સૂત્રોએ આપેલી વિગતો અનુસાર રવિવારે પોલીસે પૂરઝડપે દોડતી કારને થોભાવીને તેની તલાશી લેતાં તેમાંથી રૂા.૨૭,૬૦૦ની કિંમતનો વિદેશી દારૂ અને ૩ આરોપીઓ પાસેથી રૂા.૯૦૦૦ની કિંમતના મોબાઈલ મળી આવ્યા હતા. પૂછપરછ દરમ્યાન તે પૈકીનો ૧ આરોપી સબજેલનો સિપાઈ હોવાનું બહાર આવતાં પોલીસની આંખો પહોળી થઈ ગઈ હતી. આ અગાઉ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના એક પોલીસ કર્મીની પણ દારૂ હેરાફેરીમાં સંડોવણી બહાર આવતી હતી. લાગે છે કે પોલીસે હવે કોરોનાના કપરા કાળમાં વધુ આવક મેળવવા માટે ઝડપથી માલદાર બનવાનો દારૂનો વેપલો શરૂ કર્યો છે.